## બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની નિવૃત્તિ સત્રાંતે કરવા અંગે

શિક્ષણ વિભાગ ઠરાવ નં. : એસઈઆર-1081/65602(83)-છ

સચિવાલય, ગાંધીનગર, તા. 28-10-'83

વંચાણે લીધા :-(1) *શિક્ષણ વિભાગનાં સરકારી ઠરાવ નંબર : એસએસએન-3470/41845-ગ, તા. 21-12-'71.*

(2) *ગુ.માધ્ય.શિક્ષણ બોર્ડ, પત્ર નંબર : મશબ-જી-5-રેગ્યુલર/144, ગાંધીનગર, તા.18-8-'83*

**ઠરાવ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ-36 અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની નિવૃત્તિમર્યાદા નક્કી કરવામાં આવી છે, તેમાં એવી જોગવાઈ છે કે જે કર્મચારીની નિવૃત્તિની તારીખ જે સત્રમાં આવતી હોય તે સત્રના અંત સુધી આપોઆપ નોકરીમાં તે કર્મચારીને સેવાકાળવૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખૂબ જ જરૂરી સંજોગો ઉપસ્થિત થતા ઉનાળુ કે દિવાળી વેકેશનમાં 'શરૂઆત' કે 'અંત' અંગે ફેરફાર થતાં સત્રની 'શરૂઆત' અને 'અંત'માં ફેરફાર થઈ જવાથી કર્મચારીઓની નિવૃત્તિ અન્વયે અનિશ્ચિતતા આવી જાય છે અને તેથી વ્યક્તિગત કિસ્સામાં અનેક વહીવટી પ્રશ્નો ઊભા થાય છે. આ બાબતનું નિરાકરણ લાવવાનો પ્રશ્ન વિચારણામાં હતો.

માધ્યમિક શિક્ષણ બોર્ડે આ અંગે ઠરાવ કરી એવું નક્કી કરેલ છે કે પેન્શનના હેતુઓ માટે નિવૃત્તિની તારીખો Ends of term એટલે કે 31મી ઓક્ટોબર અને 31મી મે એ સત્ર પૂરું થયેલું ગણવું. બિનસરકારી માધ્યમિક શાળાના તમામ કર્મચારીઓના પેન્શનકેસોનો તદનુસાર નિકાલ કરવો.

2. ઉપરોક્ત હુકમો રાજ્યના તમામ જિલ્લાશિક્ષણાધિકારીઓના ધ્યાન ઉપર લાવવા અને બાકી રહેતા કેસોનો તે પ્રમાણે નિકાલ કરવાની સૂચના આપવા ઉચ્ચ શિક્ષણનિયામકશ્રીને આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, ર. દ. રાઠોડ

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ